# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
## સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકા ખંભાળીયા

"વન ભવન", આઈ.ટી.આઈ.ની સામે હર્ષદપુર, ખંભાળીયા–જામનગર હાઈવે
ફોન નં. (02833) 232574 E-Mail Id: dcfsfdbd82@gmail.com

ક્રમાંક: અ / જમન / ટે- ૮ / 761 /૨૦૨૨-૨૩ તા. 15/૧૧/૨૦૨૨

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વર્તુળ,
રાજકોટ

વિષય: Proposal for grant of permission for laying Optical Fiber Cable along the routes mentioned hereunder. (Protected Forest Area).
From 'T' Junction on SH, R & B Bhanvad/Porbandar to 'T' Junction on SH, R & B / Ranpur Gram panchayat road. (Km.1.520 / 0.0684 Ha) (FP/GJ/Others/37232/2018)

સંદર્ભ: ૧. અત્રેની કચેરીના પત્ર નં. અ/જમન/ટે–૮/૩૧૭, તા.૧૫/૦૭/૨૦૨૧
૨. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.જમન/૨૯–સી/બ/૬૨૧૯–૨૦, તા.૨૧/૧૦/૨૦૨૨
૩. આપશ્રીની કચેરીના પત્ર નં. બ/જમન/ટે–૧૪/૩૭૭૧, તા.૧૪/૧૧/૨૦૨૨

સાદર નિવેદન કે, ઉપરોકત વિષયે રીલાયન્સ જીઓ ઈન્ફોકોમ લીમીટેડ અમદાવાદ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા હેઠળના એસ.એચ.–૯૫(ભાણવડ – પાછતર – નાગકા રોડ)ના પૅરેલલ ઓપ્ટીકલ ફાઈબર કેબલ પસાર કરવા માટે અત્રેના વન વિભાગમાં વન સંરક્ષણ ધારા – ૧૯૮૦ હેઠળની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

ઉકત સંદર્ભ – ૧ના પત્રથી સદરહું દરખાસ્તને પાંચ પ્રત તૈયાર કરી આગળની કાર્યવાહી અર્થે આપશ્રીની કક્ષાએ સાદર કરવામાં આવેલ હતી.

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉકત સંદર્ભ – ૨ દર્શીત પત્રથી સદરહું દરખાસ્તમાં યુઝર એજન્સી દ્વારા ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી સિવાય કામગીરી પૂર્ણ કરી વન (સંરક્ષણ) ધારા – ૧૯૮૦નો ભંગ કરવામાં આવેલ છે. વન (સંરક્ષણ) ધારા – ૧૯૮૦ના ભંગ બાબતે એફ.સી.એ. ગાઈડલાઈન – ૨૦૧૯ના પેરા – ૧.૨૧ મુજબ જવાબદાર અધિકારી/કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી વિગતવાર અહેવાલ સાદર કરવા જણાવેલ છે.

સદરહું દરખાસ્ત અન્વયે વન (સંરક્ષણ) ધારા – ૧૯૮૦ના ભંગ બાબતે યુજર એજન્સીના કોંટ્રાકટર શ્રી સાજણભાઈ નથુભાઈ દેથરીયા સામે ગુન્હો નોંધી રીકવરી પેટે રકમ રૂપિયા ૧૫૦૦૦/–ની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકાનાં પત્રાંક : બ/મહક/ટે–૪/૩૦૫–૦૬, તા.૦૯–૦૬–૨૦૨૦થી (નકલ સામેલ છે) વન વિભાગના લગત અધિકારી/કર્મચારીશ્રીને કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. તેમજ જે તે સમયના નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા સમગ્ર હકીકતને ધ્યાને લઈ શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે નાની શિક્ષા અન્વયે તાકીદ આપેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

સામેલ : ઉપર મુજબ.

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
દેવભુમી દ્વારકા – ખંભાળીયા

107

(સ.મુ.વ.) –૨૦–૧૦,૦૦,૦૦૦–૧૧–૨૦૦૭
F.D. Memo No. TJR/ 1088/ 178/Z4 Dt. 15-7-88
T.O. Form No. 6 vide BTR. -112]

પ્રથમ પ્રત

Try. 8 g. (Revised)

ચલણ નં.

| ભાણવડ | ખાતેની તિજોરી/ પેટા–તિજોરી/સ્ટેટ/રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ભરેલી રોકડ રકમનું ચલણ. | | |
|---|---|---|---|
| નાણાં મોકલનારે ભરવાનું | | ખાતા અમલદારે કે તિજોરીએ ભરવું | |
| જેના તરફથી નાણાં ભરવામા આવ્યા હોય તે વ્યકિતનું નામ (અથવા હોદો) અને સરનામું | રાઉન્ડ ફોરેસ્ટર–ભાણવડ<br>ભાણવડ પીન કોડ નં.૩૬૦૫૧૦<br>મે.નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ દેવભૂમિ દવારકા–ખંભાળીયા | હિસાબનું સદર | હેડ રેવન્યુ<br>૦૪૦૬૦૦૧૦૧૦૦ ડી<br>નંબર–૨૦ |
| | | મંજુર કર્યું. | મે.નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ દેવભૂમિ દવારકા–ખંભાળીયા |
| | | મંજુર કરનાર અધિકારીની સહી. | |

| *મોકલેલા ભરણાંની પુરેપુરી વિગત અને તે અંગેના હુકમ. | રકમ | | |
|---|---|---|---|
| | ૧૫૦૦૦/– | | |
| ભાણવડ રેન્જ ની ભાણવડ રાઉન્ડ ના રાઉન્ડ ગુન્હા નં.૧ સને ૨૦૧૯–૨૦ ની એડવાન્સ રીકવરી પેટે મ.ર.નં. ૨૩૭૨૧ થી તા.૧૦/૨/૨૦ થી વસુલ કરેલ રકમ નું ભરણું. | | તા.૧૦/૨/૨૦૨૦ | રેન્જ ફોરેસ્ટ ઓફીસર<br>સો.ફો. રેન્જ<br>ભાણવડ |
| (સહી) કુલ | ૧૫૦૦૦/– | નાણાં ભરવાનો હુકમ કરનાર અધિકારીની સહી તથા પૂરે પૂરો હોદ્દો | |
| (શબ્દોમાં) પંદર હજાર પુરા રૂપિયા પુરા/- | | | |

રૂ. પૈ. મળ્યા તા.

(શબ્દોમાં)

ખજાનચી હિસાબનીશ તિજોરી અધિકારી / એજન્ટ

10 FEB 2020 CASH / TRANSFER

Deputy Conservator of Forest
Social Forestry Division
Devbhumi Dwarka, Khambhaliya

નાયબ વનસંરક્ષકશ્રીની કચેરી
સામાજીક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકા-ખંભાળીયા
"વનભવન" હર્ષદપુર, આઈ.ટી.આઈની સામે, ખંભાળીયા-જામનગર હાઈવે, ખંભાળીયા.
ફોન.નં :- ૦૨૮૩૩-૨૩૨૫૭૪ Email Id: dcfsfdbd82@gmail.com

ક્રમાંક:- બ/મહક/ટે.૪/305-06 /૨૦-૨૧ તા. 9 /08/૨૦૨૦

**કારણ દર્શક નોટીસ**

વિષય:- ફરજ પ્રત્યે નિષ્કાળજી/ બેદરકારી બદલ નિયમોનુસાર કાર્યવાહી થવા બાબત.

Proposal for grant of permission for laying Optical Fiber Cable along the routes mentioned hereunder. (Protected Forest Area) (FP/GJ/Other/37232/2018) From 'T' Junction on SH, R&B Bhanvad/Porbandar to 'T' Junction on SH, R&B / Raipur Gram Panchayat road. (Km.1.520/0.0684 HaF

સંદર્ભ : (૧) ના.વ.સં.શ્રી, પોરબંદર વન વિભાગ, પોરબંદરની કચેરીના પત્ર ક્રમાંક: બ/જમન/ટે-૭/૨૬૧૫ તા. ૨૧/૦૯/૨૦૧૯

(૨) તેમની કચેરીના પત્ર ક્રમાંક: અ/ગુન્હા/૨૧૩/ તા. ૧૦/૦૨/૨૦૨૦

(૩) તેમની કચેરીના પત્ર ક્રમાંક: અ/ગુન્હા/૨૨૪/ તા. ૧૩/૦૩/૨૦૨૦

આથી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, સા.વ.રેન્જ, ભાણવડને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ડાયવર્ઝન ઓફ ૦.૦૬૮૪ હેક. પ્રોટેક્ટડ ફોરેસ્ટ 'ટી' જંકશન (ભાણવડ-પોરબંદર) સ્ટેટ હાઇવે થી 'ટી' જંકશન રાણપુર ગ્રામ પંચાયતના રૂટની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ રીલાયન્સ જિઓ ઇંફોકોમ લી. અમદાવાદ દ્વારા ઓપ્ટીકલ ફાઇબર કેબલ પાથરવાની મંજુરી અર્થે દરખાસ્ત તા. ૨૭/૧૧/૨૦૧૮ ના રોજ અત્રે રજુ કરેલ છે.

સદરહું યુજર એજન્સીને આજ દિન સુધી અત્રેથી કોઇ જ પરમીશન આપવામાં આવેલ નથી. તથા સ્થળ પર કામગીરી યુજર એજન્સી દ્વારા કરી નાખવામાં આવેલ છે. તેવું નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર વન વિભાગ પોરબંદરની કચેરી દ્વારા ઉક્ત સંદર્ભ પત્ર-૧ થી અત્રે જાણ કરેલ છે. જે અન્વયે મદદનીશ વન સંરક્ષકશ્રી, ખંભાળીયા (સામાજીક વનીકરણ વિભાગ, દેવભુમી દ્વારકા-ખંભાળીયા) તથા તમારા રૂબરૂમાં કરેલ તપાસણી રીપોર્ટ તથા ગુન્હાને લગત સાધનીક કાગળો તમારા દ્વારા અત્રે સાદર કરેલ છે. જેમાં ફલીત થાય છે કે સ્થળ ઉપર અન અધિકૃત કામગીરી થયેલ છે આથી સદરહું બાબતે તમારી તથા જવાબદાર કર્મચારીઓની ફરજ પ્રત્યે નિષ્કાળજી/બેદરકારી જણાઇ આવે છે. જેથી સદરહુ બાબતે તમારી તથા જવાબદાર કર્મચારીઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કેમ ન કરવી તે અંગેનો ખુલાસો દિન-૭ માં અત્રે સાદર કરવો જો તમારા દ્વારા સમયમર્યાદામાં ખુલાસો સાદર કરવામાં નહી આવે તો અત્રેથી એકતરફી નિર્ણય લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
દેવભુમિ દ્વારકા-ખંભાળીયા

પ્રતિ,
રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી,
સામાજીક વનીકરણ રેન્જ,
ભાણવડ

નકલ રવાના : વિભાગીય કચેરીના ટેબલ-૮ તરફ જાણ સારૂ.